# સત્સંગ વિહાર ચેલેન્જ

:: રજૂકર્તા ::
બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય
અમદાવાદ

## ૧૩. તેઓ આપણા માટે જીવ્યા

'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો !' **શાસ્ત્રીજી મહારાજ** સ્વયં આ આહ્‌લેક જગાવી ઘરે-ઘરે **ઝોળી** માંગતા. એકવાર તેમણે **જમરાળા** ગામમાં આખો દિવસ ઝોળી માંગી. આ ગામમાં અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા કોઈ હરિભક્ત હતા નહિ.

અચાનક શાસ્ત્રીજી મહારાજને **શૌચ** જવાની ઇચ્છા થઈ. તેઓ ગામની બહાર દિશાએ જઈ આવ્યા. પછી **જૂના મંદિરના ચોકમાં** પાણીની કૂઈ હતી ત્યાં **નાહવા** બેઠા. એવામાં ત્યાંના **કોઠારી** આવી **જેમ-તેમ બોલવા લાગ્યા**, 'અરે વિરોધીઓ ! અમારા મંદિરમાં કેમ આવ્યા ? હમણાં જ ચાલ્યા જાઓ.' હજુ તો **ધોતિયું** પણ **અડધું જ પલળ્યું હતું**. ને શાસ્ત્રીજી મહારાજને ત્યાંથી **નીકળી જવું પડ્યું !**

મંદિરની બાજુમાં જ **મોતીભાઈ** રહેતા. તેઓએ શાસ્ત્રીજી મહારાજને પોતાને ઘરે લઈ જઈ સ્નાન કરાવ્યું. આટલું અપમાન થવા છતાં શાસ્ત્રીજી મહારાજની સ્થિરતા અને સાધુતા જોઈને તેમને આદર થયો હતો. એમણે વિનંતી કરી, '**અહીં રહી જાઓ. હું આપને સીધું આપું.** ઠાકોરજી જમાડીને જાઓ.'

પરંતુ શાસ્ત્રીજી મહારાજે 'ના' પાડી. મોતીભાઈએ બહુ વિનંતી કરી ત્યારે **શાસ્ત્રીજી**



**મહારાજ** કહે, 'જુઓ મોતીભાઈ ! અમારે હવે વધુ રોકાવાનો સમય નથી. આ **ઝોળીમાં લોટ** છે, એ લઈને **સારંગપુર** પહોંચીશું, ત્યારે ઠાકોરજીનો **થાળ થશે**. અને ત્યાં કામ કરનારા **સંતો - ભક્તો રોટલા ભેગા થશે. ઝોળી પર આ બધાં મંદિરો ચાલે છે.** '

આમ કહી શાસ્ત્રીજી મહારાજ ત્યાંથી ચાલવા તૈયાર થયા. પરંતુ મોતીભાઈએ લોટ લઈ જવાની વ્યવસ્થા કરી આપી. અને શાસ્ત્રીજી મહારાજને રોકી જમાડીને મોકલ્યા.

**આવા હતા શાસ્ત્રીજી મહારાજ !**

**તેમણે આપણા માટે સહન કર્યું. ભીડો વેઠ્યો. ઝોળી માંગી ! તેઓ આપણા માટે જીવ્યા હતા.**

■ **<u>શાસ્ત્રીજી મહારાજના સમયની પરિસ્થિતિ</u>**

- એ સમયે સંતોને **પૂરતું ખાવા પણ મળતું નહીં**. ક્યારેક તો લોટ ફાકીને કે પાણી પીને પેટ ભરવું પડતું. ઘણાં વર્ષો સુધી સંતોએ **કેરોસીનના ડબ્બામાં ખીચડી** રાંધવી પડી હતી. તો પછી બીજી વ્યવસ્થા હોય જ ક્યાંથી !
- સંતો માટે **રહેઠાણની વ્યવસ્થા ન હતી**. આખો દિવસ મંદિરની સેવા કરી રાત્રે જ્યાં-ત્યાં સૂઈ જવું પડતું.
- **એક સંત**ને **અનેક પ્રકારની જવાબદારીઓ** એક સાથે નિભાવવી પડતી.
- સેવામાં જોડાયેલા સંતો પોતાના **રોગની પણ પરવા** કરતા **નહીં**.
- આ સાથે અનેક **અપમાનો** પણ સહન કરવાં પડતાં. વિરોધીઓ શાસ્ત્રીજી મહારાજને **મારી નાંખવા સુધીના પ્રયત્નો** કરતા હતા !

... ઉપરની કઠિન પરિસ્થિતિમાં પણ શાસ્ત્રીજી મહારાજ હિંમત હાર્યા ન હતા. તેમના સંગે સૌ સંતો પણ અનેક કષ્ટો અને અપમાનો વચ્ચે આનંદથી સેવા-ભક્તિ કરતા હતા.

ખરેખર, આપણને સૌને શુદ્ધ ઉપાસનાનાં મંદિરો મળે અને આપણું કલ્યાણ થાય, તે માટે એટલે કે **આપણા માટે જ શાસ્ત્રીજી મહારાજ જીવન જીવ્યા હતા. આપણે પણ બી.એ.પી.એસ. માટે જીવન જીવી તેમનું ઋણ ચૂકવવા પ્રયત્ન કરવો જોઈએ.**









## પાઠ : ૧૩
# તેઓ આપણા માટે જીવ્યા

## 01 ચેલેન્જ
### 'સ્વામિનારાયણ હરે...સચ્ચિદાનંદ પ્રભો...'



**જરૂરી સામગ્રી :** મોટું તપેલું, ૫ નાની તપેલી, ઘઉં.

**કોણ જોડાશે :** તમે અને તમારા ભાઈ-બહેન

**રીત :** ૫ થી ૭ નાની તપેલી લઈ તેમાં ઘઉં ભરો.
આ દરેક તપેલી તમારા ઘરમાં જુદી - જુદી જગ્યાએ મૂકી દો.
હવે, એક મોટું તપેલું લઈ તમારા ભાઈ-બહેન સાથે દરેક જગ્યાએ જાઓ અને આહ્લેક લગાવો, 'સ્વામિનારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો...'
આ રીતે આહ્લેક લગાવી તપેલીમા ઘઉં મોટા તપેલામાં નાખો.
આ રીતે દરેક જગ્યાએથી તપેલામાં ઘઉં ભેગાં કરી રસોડામાં લઈ આવો.
ફરીથી ઘઉં યોગ્ય સ્થાને મૂકી દો.

**મનન**

આપણે ફક્ત થોડા ઘઉં ઘરમાં જ ઊંચકવાના હતા. જ્યારે શાસ્ત્રીજી મહારાજ અને તેમના સંતો ગામોગામ ઝોળી માંગી ચાલતા જતા. તેમણે કેટલો ભીડો વેઠ્યો હશે!

## 02 ચેલેન્જ
### 'ચાલો, મંદિર બનાવીએ.'



**જરૂરી સામગ્રી :** કાગળ, કાતર, ફેવીકોલ, પૂંઠા

**કોણ જોડાશે :** તમે અને તમારા ભાઈ-બહેન

**રીત :** તમારે તમારા ભાઈ-બહેનની મદદથી એક સુંદર મજાનું મંદિર તૈયાર કરવાનું છે. તેમાં ઠાકોરજીની મૂર્તિ પધરાવી આરતી કરવાની છે.

**મનન**

કાગળ અને પૂંઠાનું મંદિર તૈયાર કરતા આપણને કેટલી બધી મહેનત કરવી પડી! જ્યારે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે કેટલા બધા કષ્ટો વેઠીને પથ્થરના ગગનચુંબી મંદિરો તૈયાર કર્યા હતા. તેમણે કેટલી બધી મહેનત કરી હશે!

સત્સંગ વિહાર ચેલેન્જ

## પાઠ : ૧૩
# તેઓ આપણા માટે જીવ્યા

03 ચેલેન્જ

## ‘રૂડી રાંધી મેં, રસિયાજી ખાંતે ખીચડી રે...’



જરૂરી સામગ્રી : મગની દાળ, ચોખા, મીઠું, પાણી, પ્રેશર કૂકર, ગેસ.

કોણ જોડાશે : તમે અને તમારા મમ્મી

રીત : આજે તમારે ખીચડી તૈયાર કરવાની છે. તે માટે તમારે મમ્મીની મદદ લેવાની છે. તેઓ જે રીતે કહે તે પ્રમાણે ખીચડી બનાવવી.

### મનન

ખીચડી ગેસ પર તૈયાર કરવામાં પણ આપણને કેટલી મહેનત કરવી પડી ?
જ્યારે શાસ્ત્રીજી મહારાજના વખતમાં તો સંતો લાકડાં લાવી, ચૂલો પ્રગટાવી, કેરોસીનના ડબ્બામાં ઝોળી માંગી લાવેલ અનાજની ખીચડી બનાવી પેટ ભરતા અને જો ઝોળી ન મળે તો?

બાળમિત્રો, તમે પાઠનું વાંચન પણ કરી લીધું અને એક્ટિવિટી દ્વારા તે પાઠની દ્રઢતા પણ કરી લીધી.
હવે, તૈયાર થઈ જાઓ આ પાઠની પરીક્ષા આપવા માટે.
નીચે આપેલી લીંક દબાવો અને આ પાઠમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો.

ગુજરાતી Click Here

English Click Here

જય સ્વામિનારાયણ